# સરડોઈના ચામુંડા ધામે વીસમો પાટોત્સવ યોજાયો



બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૨૦ મોડાસા તાલુકાના સરડોઈના પ્રસિદ્ધ શ્રી ચામુંડા ધામ ખાતે મંદિરનો ૨૦મો પાટોત્સવ શનિવારે આસ્થાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે નવચંડી હવનનું આયોજન કરવામાં આવતા ચામુંડા ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ચામુંડા પરિવાર સેવા ટ્રસ્ટ અને દાતાઓના સહયોગથી પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના પૂજારી અરૂણભાઈ ગોરના જણાવ્યા અનુસાર નવચંડી હવન રાયગઢના જશુભાઈ બોચરભાઈ પંચાલ (અમદાવાદ)ના યજમાન પદે યોજવામાં આવ્યું હતું. પાટોત્સવ નિમિતે સરડોઈ, ટીંટીસર, સજાપુર, લાલપુર, વાંટડા, પાદર સહિતના ગામના શ્રદ્ધાળુઓ સવારથી દર્શન માટે ઉમટ્યા હતા.

# રસુલપુરમાં અંડરબ્રીઝની માંગ ટલ્લે ચડતાં ગ્રામજનો આક્રમક : ચુંટણી બહિષ્કારની ચીમકી સાથે વિરોધ દર્શાવ્યો

## હાઈવે ઉપર બેનરો સાથે વિરોધ કરતા તંત્ર દોડતું થયું

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૨૦ પ્રાંતિજ તાલુકાના રસુલપુર પાસે સિકસ લેન હાઈવેની કામગીરીમાં અંડરબ્રીઝ બનાવાની માંગ છેલ્લા ઘણા સમયથી ટલ્લે ચડતાં શનિવારે સ્થાનીક ગ્રામજનો આક્રમક મૂડમાં આવી ગયા હતા. આ વિસ્તારમાં હાઈવેની કામગીરીથી ખેડૂતોને ખેતરે તેમજ સ્મશાન યાત્રા સમયે ડાઘુઓને સ્મશાનમાં જવા માટે પણ ૨ કિ.મી.નું અંતર કાપવું પડતું હોવાથી અંડરબ્રીજની માંગ કરવામાં આવી પરંતુ હાઈવે ઓથોરીટી અને જવાબદાર તંત્ર આશ્વાસન આપ્યા પછી ફરી જતાં અંડરબ્રીજ નહિ તો વોટ નહિના નારા સાથે અસંખ્ય ગ્રામજનોએ હાઈવે ઉપર ચુંટણીનો બહિષ્કાર કરવાનું રણશીંગુ ફૂંકતા તંત્ર દોડતું થયુ હતું. સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓનો બહિષ્કાર કરવાની ચીમકી સાથે રસુલપુર સહિતના ગ્રામજનોએ અંડરબ્રીઝ મુદ્દે હલ્લાબોલ કરતાં હલચલ મચી હતી.



ફોરલેન હાઈવેના નવિનીકરણમાં સંલગ્ન ગામોની મુશ્કેલી ઘટવાને બદલે વધી છે. સિક્સલેનની કામગીરી દરમિયાન યોગ્ય ડાયવર્ઝન આપવામાં આવ્યા ન હોવાથી હાઈવે ઉપર અકસ્માતના હાદસા કાયમી છે. જયારે હાઈવે પરના ગામોના ખેડૂતોને ખેતરમાં જવાના રસ્તા પણ નવિનીકરણમાં બંધ કરવામાં આવતા તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાંતિજ તાલુકાના રસુલપુર ગામના ગ્રામજનો અને ખેડૂતોએ અંડરબ્રીઝ બનાવાની માંગ સાથે અગાઉ હાઈવે ઉપર ચક્કાજામ કરતાં તંત્ર દ્વારા જેતે સમયે અંડરબ્રીઝ બનાવી આપવાની ખાતરી આપવામાં આવી હતી પરંતુ ત્યારબાદ કોઈ કામગીરી થઈ ન હોવાથી રસુલપુરના ગ્રામજનો માટે બાઈક-ટ્રેક્ટર તેમજ બળદગાડું લઈ ખેતરોમાં જવું હોય દૂરનું અંતર કાપવું પડતું હોય છે. ખેતર તો ઠીક પરંતુ સ્મશાનમાં નનામી લઈને જવામાં પણ ૨ કિ.મી. અંતરનું ચક્કર થતું હોવાથી અગાઉ રોડનું કામ રોકી અંડરબ્રીઝ બનાવવા માટે માંગ કરવામાં આવી હતી પરંતુ અંડરબ્રીજ બનાવામાં ન આવતા તા.૨૦ના રોજ રસુલપુરના ગ્રામજનોએ ચુંટણી બહિષ્કારની ચીમકી સાથે હાઈવે ઉપર વિરોધ પ્રદર્શન કરતાં તંત્ર ઉંધા માથે થયું હતું. ગ્રામજનોની માંગ મુજબ અંડરબ્રીઝ તૈયાર કરવામાં આવેતો રસુલપુર, સલાલ, મોયદ, મોરવાડ, માઢા અને સાંપડ સહિતના ગ્રામજનો અને વાહનચાલકોની મુશ્કેલીમાં ઘટાડો થઈ શકે તેમ હોવા છતાં અંડરબ્રીઝની માંગણી ટલ્લે ચડાવામાં આવતા સ્થાનિક ગ્રામજનો અને ખેડૂતો રોષે ભરાયા છે.

# શ્રી એન. ડી. શાહ હાઈસ્કૂલ અડપોદરા ખાતે કારકિર્દી માર્ગદર્શન માટે સંમેલન યોજાયું



ગાંભોઈ, તા.૨૦ હિંમતનગર તાલુકાની અડપોદરા એજ્યુકેશન સોસાયટી સંચાલિત એન. ડી. શાહ હાઈસ્કૂલ, અડપોદરા ખાતે શનિવારના રોજ પ્રમુખ એચ.એન. શાહની મૌખિક સંમતિ થી કારકિર્દી માર્ગદર્શન અંગે સંમેલનનું આયોજન શાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આમંત્રિત મહેમાનો અજીતભાઈ શાહ, કૃણાલભાઈ વોરા, ઉક્તિબેન વોરા, અમિતભાઈ શાહ તથા બિજલબેન શાહ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને 'અનુભવથી યુક્ત' દિશાદર્શક કારકિર્દી માર્ગદર્શન આપ્યું હતું. મહેમાનોએ કમ્પ્યુટર લેબને પુનઃ ઉપયોગમાં લઈ શકાય તે હેતુથી જરૂરી આર્થિક મદદ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. શાળા આચાર્ય સંજયભાઈ પટેલ દ્વારા સર્વે ઉપસ્થિત મહેમાનોને શાળા સાથે હૃદયથી જોડાયેલા રહી વિદ્યાર્થીઓને પોતાના જ્ઞાનનો લાભ આપ્યો તે બદલ હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

# ડિજીટલ ઈન્ડિયાને ધક્કો : જિલ્લામાં ૧૦૦૦ ગામ એ.ટી.એમ.ની સુવિધા વિહોણાં

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૨૦ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૭૮૦ ગ્રામ પંચાયત હસ્તકના ગામડાઓના વિકાસ માટે રાજ્ય સરકાર કરોડો રૂપિયા ફાળવી રહી છે તેમ છતાં પાયાની જરૂરીયાતોનો સદંતર અભાવ રહ્યો છે. ડિજીટલ ઈન્ડિયાને ધપાવા માટે સરકાર કટિબધ્ધ છે તેમ છતાં બંન્ને જિલ્લામાં ૧૦૦૦થી પણ વધુ ગામોમાં બેન્ક એ.ટી.એમ.ની સુવિધા જ નથી તે વરવી હકીકત છે. ગામડાઓમાં જિલ્લાની ટોચની સહકારી સંસ્થા સાબરકાંઠા બેન્કની ૧૩૦ થી વધુ શાખાઓ આવેલી છે. જયારે દેના ગ્રામિણ બેન્કે તો ગ્રામ્ય વિસ્તારની પ્રજાની બેન્ક હોવાની ઓળખ ઉભી કરી છે છતાં જિલ્લાના ૧૪ તાલુકાના અસંખ્ય ગામડાઓમાં પ્રજાને એ.ટી.એમ.ની સુવિધા નસીબ થઈ નથી. સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ ગામડાંને શહેર સમકક્ષ સુવિધા આપવા કરોડો રૂપિયાનું આંધણ કરે છે પરંતુ આજના યુગમાં એ.ટી.એમ.ની સવલતથી અનેક ગામો વંચિત છે.

**ગ્રામ્ય વિસ્તારોમાં સાબરકાંઠા બેન્ક, દેના ગ્રામિણ બેન્કની શાખાઓ છતાં ગ્રાહકોને સુવિધા આપવામાં નિષ્ફળ**

ગામડાંના સર્વાંગી વિકાસની અનેકવિધ યોજનાઓ અમલમાં છે. અસુવિધાઓમાં સબડતા ગામડાંને વાયબ્રન્ટ ગુજરાતના માધ્યમથી સુખ-સુવિધાઓથી સમૃદ્ધ કરવાની વાતો થઈ રહી છે પરંતુ જમીની હકીકત કંઈક અલગ જોવા મળે છે. રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓના માધ્યમથી ગામડાઓમાં પાયાગત સુવિધાઓ ઉભી કરવા માટે ભાર મૂકાતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આંગળીના વેઢે ગણી શકાય તેટલાં ગામ સ્માર્ટ વિલેઝની વ્યાખ્યામાં આવ્યાં છે. જયારે અન્ય ગામડાં આજે પણ અસુવિધાઓમાં સબડી રહ્યાં છે. આજના સમયમાં ઈ-પેમેન્ટના વધતા ચલણને ધ્યાનમાં રાખી ખુદ રાજ્ય સરકાર ઈ-પેમેન્ટને પ્રોત્સાહન આપવાની વાતો કરે છે પરંતુ ગામડાઓમાં ઈન્ટરનેટની સુવિધા તો ઠીક પરંતુ રાષ્ટ્રીયકૃત બેન્કનાં એ.ટી.એમ.નાં પણ ઠેકાણાં નથી જેથી ઈ-પેમેન્ટ લાગુ કરવાની વાતો જ હાસ્યાસ્પદ જણાય છે. બંન્ને જિલ્લાની ૭૮૦ ગ્રામ પંચાયત હસ્તકનાં ૧૦૦૦થી પણ વધુ ગામોમાં હજુ સુધી બેન્ક એ.ટી.એમ.ની સુવિધા ઉભી થઈ શકી નથી જેથી ગામડાંના ખેડૂતો, પશુપાલકો તેમજ બેન્કના અન્ય ગ્રાહકોને એ.ટી.એમ.થી નાણાં ઉપાડવા માટે પોતાના ગામથી દૂર ૩ થી ૫ કી.મી.ના અંતરે અથવા તો તાલુકા મથક સુધી લાંબા થવું પડતું હોય છે. ગ્રામ્ય વિસ્તારોમાં દેના બેન્ક તેમજ સાબરકાંઠા બેન્ક સહિત દેના ગુજરાત ગ્રામીણ બેન્કની શાખાઓ કાર્યરત હોવા છતાં ગામડાઓમાં એ.ટી.એમ.નો લાભ આપવામાં છેલ્લા ઘણા સમયથી ઠાગાઠૈયા થઈ રહ્યા છે જેથી વાયબ્રન્ટ ગુજરાતની વાતો વાહવાહી મેળવવા માટે સિમિત હોવાનું ચિત્ર ઉપસ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં રાષ્ટ્રીયકૃત બેન્કોના માધ્યમથી લાખો રૂપિયાના આર્થિક વ્યવહારો રોજ થાય છે તો પછી બેન્કના સત્તાધિશો કેમ એ.ટી.એમ.ની સુવિધા ઉભી કરવામાં પાછી પાની કરી રહ્યા છે તે પ્રજાને સમજાતું નથી. સરકાર સાચા અર્થમાં ઈ-પેમેન્ટના વ્યવહારોને આગળ ધપાવવા માટે માગતી હોય તો સૌ પ્રથમ ગ્રામ્ય વિસ્તારોમાં એ.ટી.એમ.ની સુવિધા તાત્કાલિક ધોરણે ગોઠવવી જોઈએ તો જ વાયબ્રન્ટ ગુજરાત અને ડિજીટલ ઈન્ડિયાનું સ્વપ્ન સાકાર થયેલું માની શકાય.




# ધાનેરાના વાછોલની યુવતીને દહેજ મુદ્દે ઘરમાંથી કાઢી મૂકી

## પતિ સહિત સાસરીયા સામે ગુનો દાખલ

પાંથાવાડા, તા. ૨૦ ધાનેરા તાલુકાના વાછોલ ગામની પરિણિતા સુગનાબેન માળી એ પોતાના પતિ સહીત સાસરિયા વિરુદ્ધ શારીરિક માનસિક ત્રાસની તેમજ દહેજની ફરિયાદ નોધાવી હતી.

વાછોલ ગામના સુગનાબેન માળીના લગ્ન ત્રણ વર્ષ પહેલા સામાજિક રિત રિવાજ મુજબ રાજસ્થાનના મંડારના વતની દશરથભાઈ ઉકાજી માળી સાથે થયા હતાં. તેમના પરિવારમા એક સંતાન પણ છે.સુગનાબેનના બે બહેન અને બે ભાઈ સામા સાટા પધ્ધતિથી લગ્ન થયા હતાં .તેમાં અગિયાર મહીના પહેલાં સુગનાબેનના ભાઈ કેલાશભાઈના પત્ની આશાબેન તેમના સાસરીમાં ઝેરી દવા પિને આપઘાત કરતાં તેના પરિવારજનોએ કેલાશ ભાઈ સહીત તેમના પરિવારના સભ્યો વિરુદ્ધ પાંથાવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ સુગનાબેનને તેના સાસરી વાળા તેમની દિકરી આશાબેનને ત્રાસ આપતા કે અમારી દીકરી મરી ગઈ છે તેથી તુ અમારે જોઈતી નથી તુ તારા બાપને ધરે જતી રહે. પંરતુ તે પિયર જવાની ના પાડતા કોઈ પણ બહાના હેઠળ સુગનાબેનને હેરાન કરતાં હતાં. પતિએ તેને કહ્યું કે તને મારે રાખવી નથી તેથી તે પોતાના સંતાન સાથે પોતાના માતા પિતાના ધરે આવી વાત કરતાં માતા પિતા છોકરીનો ધર સંસાર ન બગડે તે હેતુથી ફરી સમજાવી તેને સાસરે મૂકી પંરતુ સાસરિયા ફરીથી ત્રાસ આપવા લાગ્યા અને તેના પતિ એ સુગનાબેનને તેના પિતા પાસેથી ૨૧ લાખ રૂપિયા લાવવા માટે કહ્યું પંરતું તેણે કહ્યું મારા પિતા ગરીબ છે તેમની પાસે પૈસા નથી ત્યારે સુગનાબેનના સાસરિયાએ ભેગા મળી પતિને કહ્યું કે આને કાઢી મૂક જેથી તેના પતિ ને ઉશ્કેરણી કરતાં તેમણે ગડદાપાટુનો માર મારી હાથથી ખેચી ધરની બહાર કાઢી મૂકતા સુગનાબેન ફરી માતા પિતાને ધરે આવેલ પંરતુ સૂગનાબેનના માતા પિતા છોકરીનો ધર સંસાર ન બગડે તે માટે તમામ પ્રયત્ન કરતાં હતાં પંરતુ સાસરીવાળા માન્યા નહી. છેલ્લે સૂગનાબેનના ભાભી માટે પંચાયતમા પંચના માણસોએ પતિને લઈ જવાનું કહેતા સૂગનાબેનના પતિ તા.૧૫/૨/૨૦૨૧ ના વાછોલ તેમના ધરે આવ્યા ત્યારે તેના માતા પિતા હાજર હતા અને સુગનાબેનને લઈ જવાનું જણાવતાં તેમણે કહ્યું કે તમારા ત્રાસને કારણે મારી બેન આશા મરી છે જેથી મારે પણ તને નથી જોઈતી જો તુ મારા ધરે આવી તો જાનથી મારી નાખીશ તેમ કહી જતા રહ્યા ત્યારબાદ સુગનાબેને માતા પિતાની સાથે પાથાવાડા પોલીસ સ્ટેશનમાં સાસરિયા વિરુદ્ધ ફરિયાદ નોધાવી હતી.

## ખેડબ્રહ્માના શ્યામનગર પાસે બાઇક અને બસ વચ્ચે અકસ્માત : એકનું મોત

ખેડબ્રહ્મા, તા. ૨૦ ખેડબ્રહ્મા તાલુકાના શ્યામનગર પાસે બુધવાર સવારે એક બાઈક બસમાં ઘૂસી જતા બાઈક સવારનું મોત નિપજ્યુ હતું અને એક ઘાયલ થયો હતો. આ અંગે ખેડબ્રહ્મા અમદાવાદ બસના ડ્રાઈવર વિજાપુરા જાકીરહુસેન ખાનજીભાઈએ બાઈક ચાલકે પોતાનું બાઈક પુર ઝડપે અને ગફળતભરી રીતે હંકારી બસમાં ઘૂસી જતા મરણ જતા ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ધનસુરા નવોદય ખાતે ચૂંટણીનીને લઈને મહિલા કર્મચારીઓની તાલીમ યોજાઈ



ધનસુરા, તા. ૨૦ ધનસુરા નવોદય ખાતે ચૂંટણીની લઈને મહિલા કર્મચારીઓની તાલીમ યોજાઈ હતી ચૂંટણીને લઈને ત્રણ દિવસની તાલીમ શરુ જેમાં પ્રથમ દિવસે મહિલા કર્મચારીઓને તાલીમ આપવામાં આવી હતી.આગામી ચૂંટણી ને લઈ ને ધનસુરા તાલુકાના મહિલા કર્મચારીઓની તાલીમ યોજાઈ હતી જેમાં તેમને ચૂંટણી લક્ષી તાલીમ આપવામાં આવી હતી તાલીમમાં માસ્ક, સોશિયલ ડીસ્ટન્સ, સેનેટાઈઝ જેવી બાબતોનું ધ્યાન રાખવામાં આવ્યું હતું ધનસુરા તાલુકા પંચાયતની ૧૮ સીટો અને જિલ્લા પંચાયતની ૪ સીટો માટે ચૂંટણી યોજાવાની છે ત્યારે ધનસુરા મામલતદાર ચેતનસિંહ ઝાલા,ટીડીઓ પ્રતિકભાઈ પટેલ,અશ્વિનભાઈ પટેલ અને હાર્દિક પટેલ,જય જોશી (તાલુકા મદદનીશ ચૂંટણી અધિકારી)ની દેખરેખમાં તૈયારીઓ શરુ થઈ છે સમગ્ર ચૂંટણી સ્ટાફ દ્વારા ચૂંટણી તૈયારીઓ શરુ છે

# ટીસ્કી પાસે જીપમાંથી રૂા.૧.૨૫ લાખનો ગુટખા-સોપારીનો જથ્થો ઝડપાયો

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૨૦ માલપુર તાલુકાના ટીસ્કી પાસે બોલેરો જીપમાં બીલ વગર લઈ જવાતો રૂા.૧,૨૫,૦૦૦ નો ગુટખા અને સોપારીનો જથ્થો નાયબ પોલિસ વડા બી.બી.બસીયાએ ઝડપી પાડતાં બીલ વગર ચાલતા ગુટખાના કરોડોના બેનામી કારોબારનો પર્દાફાશ થવાની આશંકા છે. રાજસ્થાનના અલવરનો નસીરખાન ઈસ્લામ મુસલમાન બોલેરો જીપમાં ગુટખાના કાર્ટુન અને સોપારીના કોથળા ભરી શંકાસ્પદ હાલતમાં મોડાસા-ગોધરા હાઈવે પરથી પસાર થતો હતો જે સમયે બીલ વગરના જથ્થા સાથે ઝડપાતાં લોકઅપમાં ધકેલી દેવાયો છે. બનાવ અંગે માલપુર પોલિસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

**બીલ વગરના જથ્થા સાથે રાજસ્થાની ઈસમની અટકાયત**

તાજેતરમાં બજેટ રજુ થયા પછી ગુટખા, તમાકુ અને સોપારીના ભાવમાં રાતોરાત વધારો થયો છે. જિલ્લામાં હોલસેલ વેપારીઓએ ભાવવધારાની આડમાં બીલ વગરનો ધીકતો ધંધો શરૂ કર્યો છે. મોડાસાના ચોક્કસ હોલસેલ વેપારીઓ દ્વારા સરકારને ચુનો ચોપડી બીલ વગરનો તમાકુ-ગુટખાનો જથ્થો અન્ય વિસ્તારોમાં મોકલાતો હોવાની ફરિયાદો વચ્ચે તા.૧૯ના રોજ નાયબ પોલિસ વડા બી.બી.બસીયા અને પોલિસ ટીમ માલપુર તાલુકાના ટીસ્કી પાસે ચુંટણીલક્ષી બંદોબસ્તમાં ઉભા હતા જે સમયે હાઈવે ઉપર શંકાસ્પદ હાલતમાં પસાર થતી બોલેરો જીપ(જીજે.૧૫.એપી.૯૫૭૯)ને થોભાવી તલાસી લેવામાં આવતા અંદરથી બીલ વગરનો ગુટખા તેમજ સોપારીનો જથ્થો મળી આવ્યો હતો. જીપ ચાલક પાસે પોલિસે બીલની માંગણી કરી હતી પરંતુ તે રજુ કરી શક્યો ન હતો અને બિનઅધિકૃત જથ્થા બાબતે સંતોષકારક આપી શક્યો ન હતો જેથી પોલિસે ગુટખા ભરેલા ૧૦ કાર્ટુન, સોપારી ભરેલા ૫૦ કોથળા અને બોલેરો જીપ સહિત કુલ રૂા.૬,૨૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બિનઅધિકૃત જથ્થા સાથે રાજસ્થાની ઈસમ ઝડપાઈ જતાં જિલ્લામાં ઘણા સમયથી ચાલતા બીલ વગરના ગુટખા સોપારીના મોટા કારોબારનો પર્દાફાશ થવાની સંભાવના છે. જિલ્લાના અનેક વેપારીઓ સરકારને ધુમ્બો લગાવી બીલ વગર હોલસેલમાં તમાકુ-ગુટખા અને સોપારીનો વેપલો કરી રહ્યા છે ત્યારે પોલિસ દ્વારા ઉંડી તપાસ થાય તો બિનહિસાબી જથ્થાની તપાસ જિલ્લાના કેટલાંક વેપારીઓ સુધી લંબાઈ શકે છે.



# વાત્રક હોસ્પિટલમાં ૨૦ વર્ષની યુવતી ઉપર સફર સર્જરી

બાયડ, (બ્યુરો ઓફિસ), તા ૨૦ બાયડ તાલુકાની વાત્રક હોસ્પિટલમાં ફુલેલા પેટવાળી દર્દમાં કણસતી યુવતી દાખલ થાય છે. જણાવે છે કે સાહેબ હું અમદાવાદ - કપડવંજ જઈ આવી. ડૉકટરો દ્વારા માતબર ખર્ચ સાથે ઓપરેશન કરવાનું જણાવે છે. વાત્રક હોસ્પિટલના ચેરમેન કોદરભાઈ પટેલ, માનદ મંત્રી કનુભાઈ એમ. શાહ અને ગાયનેક ડૉકટર સિદ્ધાર્થ શાહ યુવતીની યાતના સમજી ગયા... ઓપરેશનથી ગભરાશો નહીં.... અમે સારવાર કરીશું તેવી હૈયાધારણ આપી.... શરીર ચેક કરવામાં આવ્યું. સોનોગ્રાફી દ્વારા ખબર પડી યુવતીને પેટમાં અંદાજિત ૨૫ x ૨૫ સે.મી.ની ૧૦ કિલોની ગાંઠ હતી. સર્જરી જોખમી હતી... પરંતુ યુવતીને બચાવવા દેવદૂત સમાન ડૉકટરો અને હોસ્પિટલનો સ્ટાફ અને ટ્રસ્ટીઓ મક્કમ હતા...!! લોહી-પેશાબના સેમ્પલ લેવાયા.



**૧૦ કિલો અંડાશયની ગાંઠ દૂરબીનથી દૂર કરી નવું જીવન આપ્યું**

ત્યારબાદ વાત્રક હોસ્પિટલના ગાયનેક ડૉ. સિદ્ધાર્થ શાહ દ્વારા દર્દીને ચીરો કર્યા વગર દૂરબીનથી ઓપરેશન કરી આપવાની હૈયાધારણ આપી.... ગણતરીના કલાક ચાલેલી સર્જરી સફળ રહી.... યુવતીને સંપૂર્ણ આરામ થયો... નવું જીવન મળતાં યુવતી હરખાતી... ડૉકટર અને સ્ટાફને આશીર્વાદ આપતી ઘરે રવાના થઈ.